RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 174* Date: 23.04.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ જ્યાં એક જ દિવસમાં સૌથી વધુ લોકોના મૃત્યુ થઈ રહ્યા

# ભારતમાં એક જ દિવસમાં ૩.૧૫ લાખ કેસ નોંધાયા, આ પહેલા અમેરિકામાં ૭ જાન્યુઆરીએ મળ્યા હતા ૩.૭ લાખ દર્દી

ખુબ જ દુખદ અને ચિંતાજનક સમાચાર છે. નવા દર્દીઓના મામલે ભારતે અમેરિકાને પણ પાછળ ધકેલી દીધું છે. દેશમાં પ્રથમ વખત એક જ દિવસમાં રેકોર્ડ ૩ લાખ ૧૫ હજાર ૫૫૨ કેસ નોંધાયા છે. અત્યાર સુધી કોઈ એક દેશમાં એક જ દિવસમાં નોંધાયેલા દર્દીઓની આ સંખ્યા સૌથી વધુ છે. આ અગાઉ ૮ મી જાન્યુઆરીએ અમેરિકામાં ૩ લાખ ૭ હજાર લોકો પોઝિટિવ મળ્યા હતા.

મૃત્યુના મામલે પણ છેલ્લા બે દિવસથી ડરાવનારા આંકડા સામે આવી રહ્યા છે. બુધવારે રેકોર્ડ ૨,૧૦૧ લોકોનાં મોત થયાં. મૃત્યુનો આ આંકડો અત્યાર સુધીનો સૌથી વધુ છે. આ પહેલા મંગળવારે ૨,૦૨૧ મૃત્યુ નોંધાયા હતા. ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જ્યાં એક દિવસમાં આટલા બધા મૃત્યુ થઈ રહ્યા છે. અન્ય તમામ દેશોમાં એક હજાર કરતા પણ ઓછા લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે.

બુધવારે દેશમાં એક્ટિવ કેસ વધવામાં પણ રેકોર્ડ આંકડો સામે આવ્યો છે. એક દિવસમાં ૧.૩૩ લાખ એક્ટિવ કેસ વધ્યા હતા. આ પહેલા સૌથી વધુ ૧૮ એપ્રિલના રોજ ૧.૨૯ લાખ અને મંગળવારે ૧.૨૫ લાખ એક્ટિવ કેસ વધ્યા હતા. હવે આખા દેશમાં ૨૨.૮૪ લાખ દર્દીઓ એવા છે જેઓ સારવાર લઈ રહ્યા છે. આને જ એક્ટિવ કેસ કહેવામાં આવે છે. જો કે, ૧.૭૯ લાખ લોકો પણ સ્વસ્થ થયા. આ પણ એક દિવસમાં સાજા થનાર લોકોનો સૌથી મોટો આંક છે.

મહારાષ્ટ્રમાં ૬૭,૪૬૮, ઉત્તર પ્રદેશમાં ૩૩,૧૦૬, દિલ્હીમાં ૨૪,૬૩૮, કર્ણાટકમાં ૨૩,૫૫૮, કેરળમાં ૨૨,૪૧૪, રાજસ્થાનમાં ૧૪,૬૨૨, છત્તીસગઢમાં ૧૪,૫૧૯, મધ્યપ્રદેશમાં ૧૩,૧૦૭, ગુજરાતમાં ૧૨,૫૫૩, બિહારમાં ૧૨,૨૨૨, તામિલનાડુમાં ૧૧,૬૮૧, પશ્ચિમ બંગાળમાં ૧૦,૭૮૪ લોકો કોરોનાપોઝિટિવ મળી આવ્યા હતા.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન રમેશ પોખરિયાલ નિશંક કોરોના પોઝિટિવ થયા છે. બુધવારે તેણે સોશિયલ મીડિયા પર આ જાણકારી આપી હતી. ૬ દિવસ પહેલા એટલે કે ૧૪ એપ્રિલના રોજ પોખરિયાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી શિક્ષણ મંત્રાલય અને ઝમ્જીઈના અધિકારીઓ સાથે પ્રધાનમંત્રી કાર્યાલયમાં બેઠક કરી હતી.

કોંગ્રેસના સાંસદ શશી થરૂર કોરોના પોઝિટિવ થયા છે. તેણે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે તપાસ અને દોઢ દિવસની રાહ જોયા પછી મારો રિપોર્ટ આવ્યો છે. મારી બહેન અને ૮૫ વર્ષના માતાને પણ સંક્રમણ લાગ્યું છે.

છત્તીસગઢના મુખ્યપ્રધાન ભુપેશ બઘેલ અને કેરળના ઝસ પી વિજયને બુધવારે વેક્સિનેશન અંગે મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ૧ મે થી ૧૮ વર્ષથી ઉપરના લોકોને પણ મફત વેક્સિન આપવામાં આવશે. રાજ્ય સરકાર આનો ખર્ચ ઉઠાવશે.

સિક્કિમના મુખ્યપ્રધાન પ્રેમસિંહ તમાંગે રાજ્યમાં ૧૮ થી ૪૫ વર્ષની વયના લોકોને નિ .શુલ્ક વેક્સિન આપવાની જાહેરાત પણ કરી છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટે બુધવારે કોવિશીલ્ડ વેક્સિનના નવા દર નક્કી કર્યા છે. સીરમે જણાવ્યું હતું કે કોવિશીલ્ડ વેક્સિન ખાનગી હોસ્પિટલોને ૬૦૦ રૂપિયામાં અપાશે. આ પહેલા, આ હોસ્પિટલોને વેક્સિન ૨૫૦ રૂપિયામાં



આપવામાં આવી રહી હતી. રાજ્યો માટે વેક્સિનના ભાવ ૪૦૦ રૂપિયા રહેશે અને કેન્દ્રને પહેલાંની જેમ ૧૫૦ રૂપિયામાં વેક્સિન મળવાનું ચાલુ રહેશે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે રેમડેસિવિર ઈન્જેક્શનનું ઉત્પાદન બમણું કરવામાં આવી રહ્યું છે. હવે દર મહિને ૩૮ લાખ વાયલથી ૭૪ લાખ વાયલનું ઉત્પાદન કરવામાં આવશે. સરકાર પાસે આ માટે ૨૦ એડિશનલ મેન્યુફેક્ચરિંગ સાઈટને મંજૂરી આપવામાં આવી છે.

પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાર્ટી અધ્યક્ષ અધિર રંજન ચૌધરી પણ કોરોના પોઝિટિવ થયા છે. તેમણે કહ્યું કે તેઓ વર્ચુઅલ ચૂંટણી પ્રચાર ચાલુ રાખશે. ટીએમસીના વરિષ્ઠ નેતા અને પૂર્વ રાજ્ય પ્રધાન મદન મિત્રાને પણ સંક્રમણ લાગ્યું છે. તેમને કોલકાતાની એક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીના પિતા પાન સિંહ ધોની અને માતા દેવકી દેવી કોરોના પોઝિટિવ થયા છે. બંનેને રાંચીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ડોકટરો અનુસાર, બંનેની સ્થિતિ હવે સારી છે. તેમનું ઓક્સિજન લેવલપણ સામાન્ય છે. સીટી સ્કેન કરવામાં આવ્યું છે, જે બતાવે છે કે સંક્રમણ હજી ફેફસામાં પહોંચ્યું નથી.

બ્રિટન બાદ હવે જાપાનના વડાપ્રધાન યોશીહિદે સુગાએ પણ ભારતની મુલાકાત રદ કરી દીધી છે. સુગા આવતા સપ્તાહે ભારત અને ફિલિપાઈન્સની મુલાકાતે જવાના હતા. જાપાની મીડિયા અનુસાર, દેશમાં વધતા કોરોનાના સંક્રમણને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન દ્વારા બંને દેશોની મુલાકાત રદ કરવામાં આવી છે. વડાપ્રધાન બન્યા બાદ તેમની આ પહેલી ભારત મુલાકાત હતી.

૨૪ થી ૩૦ એપ્રિલની વચ્ચે UK જનારી એર ઈન્ડિયાની તમામ ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી છે. એર ઈન્ડિયાએ જણાવ્યુ છે કે આ દરમિયાન દિલ્હી અને મુંબઈથીં દ્ર જવા માટે ઓછામાં ઓછી એક ફ્લાઈટ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

મુખ્ય રાજ્યોની પરિસ્થિતી

૧. મહારાષ્ટ્ર

બુધવારે અહી ૬૭,૪૬૮ નવા દર્દીઓ મળી આવ્યા હતા. ૫૪,૯૮૫ દર્દીઓ સ્વસ્થ થયા અને ૫૬૮ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૦.૨૭ લાખ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી ૩૨.૬૮ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૬૧,૯૧૧ મૃત્યુ પામ્યા છે. હાલમાં અહી લગભગ ૬.૯૫ લાખ લોકોની સારવાર કરવામાં આવી રહી છે.

૨. ઉત્તરપ્રદેશ

બુધવારે અહીં ૩૩,૧૦૬ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૧૪,૧૯૮ લોકો સ્વસ્થ થયા અને ૧૮૭ લોકો મૃત્યુ પામ્યા. અહી સુધીમાં ૯.૪૨ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૬.૮૯ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૦,૩૪૬ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. ૨.૪૨ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

૩. દિલ્હી

બુધવારે રાજ્યમાં ૨૪,૬૩૮ લોકો કોરોના પોઝિટિવ મળી અવાયા હતા. ૨૪,૬૦૦ લોકો સાજા થયા અને ૨૪૯ લોકો મૃત્યુ પામ્યા. અહી અત્યાર સુધીમાં ૯.૩૦ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૮.૩૧ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૨,૮૮૭ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. અહીં ૮૫,૩૬૪ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

૪. છત્તીસગઢ

બુધવારે રાજ્યના ૧૪,૫૧૯ લોકોને કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા. આ દરમિયાન ૧૫,૯૪૦ લોકો સાજા થયા અને ૧૮૩ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં ૧.૨૨ લાખ લોકોની સારવાર ચાલી રહી છે. કુલ ૫.૮૮ લાખમાંથી ૪.૫૯ લાખો લોકો સાજા થયા છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૬,૪૬૭ પર પહોંચી ગયો છે.

૫. મધ્યપ્રદેશ

બુધવારે રાજ્યમાં ૧૩,૧૦૭ લોકોને કોરોના સંક્રમણ લાગ્યું હતુ. ૯,૦૩૫ લોકો સાજા થયા અને ૭૫ લોકો મૃત્યુ પામ્યા. અહી અત્યાર સુધીમાં ૪.૪૬ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાં ૩.૫૯ લાખ લોકો સાજા થયા છે ૪,૭૮૮ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ૮૨,૨૬૮ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

૬. ગુજરાત

બુધવારે રાજ્યમાં ૧૨,૫૫૩ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા. ૪,૮૦૨ લોકો સાજા થયા અને ૧૨૫ લોકો મૃત્યુ પામ્યા. અહી અત્યાર સુધીમાં ૪.૪૦ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૩.૫૦ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૫,૭૪૦ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. અહી ૮૪,૧૨૬ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

## સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસે પ્લાન માંગ્યો, કહ્યું-સ્થિતિ ભયંકર છે, દિલ્હી HCએ કહ્યું- સરકાર ધરતી-આકાશ એક કરી શકે છે

કોરોનાનું વધતું જતું સંક્રમણ અને હોસ્પિટલમાં ઓક્સિજનની સાથે દવાઓની અછતને પગલે સુપ્રીમ કોર્ટ સખત થઈ છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે આ અંગે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. કોર્ટે કેન્દ્રને પૂછ્યું છે કે તેમની પાસે કોવિડ-૧૯થી ઉગારવા માટે શું નેશનલ પ્લાન છે. કોર્ટે હરીશ સાલ્વેની અમિકસ ક્યૂરી તરીકે નિમણૂક કરી છે.સુપ્રીમ કોર્ટે ચાર મહત્ત્વના મુદ્દા પર કેન્દ્ર સરકાર પાસે નેશનલ પ્લાન માગ્યો છે. તેમાં પ્રથમ- ઓક્સિજનનો સપ્લાઈ, બીજો- દવાઓનો સપ્લાઈ, ત્રીજો- વેક્સિન આપવાની રીત અને પ્રક્રિયા અને ચોથો- લોકડાઉન કરવાનો અધિકાર માત્ર રાજ્ય સરકારને જ હોય, કોર્ટને નહિ. હવે આ મામલાની આગામી સુનાવણી શુક્રવારે હાથ ધરાશે.આ પહેલાં દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર પર ટિપ્પણી કરતાં કહ્યું હતું કે ઉધાર લો



કે પછી ચોરી કરો, પરંતુ ઓક્સિજન લઈને આવો, અમે દર્દીઓને મરતા નહિ જોઈ શકીએ. બુધવારે દિલ્હીની કેટલીક હોસ્પિટલોમાં ઓક્સિજનની તાત્કાલિક જરૂરિયાત સંબંધમાં સુનાવણી કરતાં દિલ્હી હાઈકોર્ટે આ ટિપ્પણી કરી હતી.

દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો હતો કે કોવિડ-૧૯ના દર્દીઓની સારવાર કરી રહેલી દિલ્હીની હોસ્પિટલોને કોઈપણ રીતે ઓક્સિજન ઉપલબ્ધ કરાવવામાં આવે. આ અંગે કોર્ટે એ વાતનો ઉલ્લેખ પણ કર્યો હતો કે કેન્દ્ર સ્થિતિની ગંભીરતાને શા માટે સમજી રહી નથી. કોર્ટે નાસિકમાં પૂરતો ઓક્સિજન ન મળવાને કારણે થયેલા મોતનો પણ ઉલ્લેખ કર્યો.દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે ઉદ્યોગો ઓક્સિજન માટે ઘણા દિવસો સુધી રાહ જોઈ શકે છે, જોકે અહીં હાલની સ્થિતિ ખૂબ જ નાજુક અને સંવેદનશીલ છે. જો ટાટા કંપની તેના ઓક્સિજન ક્વોટાને ડાઈવર્ટ કરી શકે છે તો બીજા શા માટે આવું ન કરી શકે. શું માનવતાને કોઈ સ્થાન જ નથી. આ હાસ્યાસ્પદ છે.

કોર્ટે દિલ્હીની મેક્સ હોસ્પિટલની અરજી પર સુનાવણી કરી, જેણે ૧૪૦૦ કોવિડ દર્દીને બચાવવા માટે કોર્ટનો સહારો લીધો હતો. હોસ્પિટલે દાવો કર્યો કે તેની પાસે પર્યાપ્ત ઓક્સિજ નથી. આ અંગે કોર્ટે અચરજ વ્યક્ત કરતાં કહ્યું હતું કે તેના આદેશ પર હોસ્પિટલોને ઓક્સિજન અપાઈ રહ્યો નથી.

## PMએ કહ્યું- સપ્લાઈ કોઈ પણ મુશ્કેલી વગર થાય, ગૃહમંત્રાલયે રાજ્યોને કહ્યું- ઓક્સિજન લઈ જતા વાહનોને ન રોકો

નવી દિલ્હી,તા.૨૨

દેશમાં ઓક્સિજનના સપ્લાઈને લઈને ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાઈ લેવલ રિવ્યુ બેઠક કરી. તેમાં તેમણે અધિકારીઓને નિર્દેશ આપ્યો કે રાજ્યોને અપાઈ રહેલા ઓક્સિજન સપ્લાઈમાં કોઈ પ્રકારની મુશ્કેલી ન આવી જોઈએ. તેમણે દેશની હાલની સ્થિતિને જોતા ઓક્સિજનના પ્રોડક્શન અને સપ્લાઈને વધારવાની પદ્ધતિઓ પર ભાર આપવાની વાત કહી. ઓક્સિજનના મુદ્દા પર દેશની ૬ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આ દરમિયાન ગૃહ મંત્રાલયે રાજ્યોને નિર્દેશ આપ્યા છે કે ઓક્સિજન સપ્લાઈ વાળી ગાડીઓને ન રોકવામાં આવે.

૧. અધિકારીઓએ વડાપ્રધાનને જણાવ્યું કે અમે રાજ્યોની સાથે મળીને પ્રસ્તાવિત ઓક્સિજન પ્લાન્ટ્સને ઝડપથી શરૂ કરવા પર કામ કરી રહ્યાં છે.

૨. છેલ્લા થોડા દિવસોમાં લિક્વિડ મેડિકલ ઓક્સિજનમાં પ્રત્યેક દિવસે ૩ હજાર ૩૦૦ મેટ્રિક ટનનો વધારો થયો છે. તેમાં પ્રાઈવેટ, સરકારી સ્ટીલ પ્લાન્ટ, ઈન્ડસ્ટ્રીઝ અને ઓક્સિજન મેન્યુફેકચર્સ પણ મદદ માટે આવ્યા છે. તેમણે બિનજરૂરી ઈન્ડસ્ટ્રીયલ એક્ટિવિટીઝ માટે ઓક્સિજન




સપ્લાઈ રોકી દીધો છે.

૩. રાજ્યોને તેમની જરૂરિયાત મુજબનો ઓક્સિજન આપવાનું નિશ્ચિત કરાઈ રહ્યું છે અને તેના માટે રાજ્યો સાથે સતત વાત કરવામાં આવી રહી છે. ૨૧ એપ્રિલથી ૨૦ રાજ્યોમાં પ્રત્યેક દિવસે ૬ હજાર ૭૮૫ મેટ્રિક ટન લિક્વિડ મેડિકલ ઓક્સિજન જરૂરિયાત પડી રહી છે અને તેમને સરકાર તરફથી ૬ હજાર ૮૦૦ મેટ્રિક ટન ઓક્સિજન અપાઈ રહ્યો છે.

૪. વડાપ્રધાને ઓક્સિજન પ્રોડક્શન, તેના ડિસ્ટ્રીબ્યુશનમાં તેજી, હેલ્થ કેર ફેસિલિટીમાં ઓક્સિજન સપ્લાઈ માટે નવા રસ્તાઓ શોધવા પર ભાર મૂક્યો છે.

એકમાંથી બીજા જિલ્લા કે વિસ્તારમાં ઓક્સિજન લઈને જઈ રહેલી ગાડીઓને રોકી નહી શકાય. ઓક્સિજન લઈને જઈ રહેલી ગાડીઓ પર એકથી બીજા રાજ્યોમાં જવા પર પણ કોઈ પ્રતિબંધ નહિ રહે. ઓક્સિજન મેન્યુફેકચર્સને એમ કહી શકાશે નહિ કે તે કોઈ એક રાજ્ય કે શહેરની હોસ્પિટલને જ પોતાનો સપ્લાઈ મોકલે. શહેરની અંદર પણ ઓક્સિજન વાળી ગાડીની મુવમેન્ટ પર સમયનો કોઈ પ્રતિબંધ લાગુ રહેશે નહિ.

## ૮ વાગ્યાથી ૧લી મે સુધી બધું જ બંધ; લગ્નમાં ફક્ત ૨૫ લોકોને મંજૂરી, સરકારી ઓફિસોમાં ૧૫% કર્મચારીઓને છૂટ

નવી દિલ્હી,તા.૨૨

મહારાષ્ટ્રમાં કોરોનાને લીધે સ્થિતિ નિયંત્રણ બહાર જતી રહી છે. આ સ્થિતિને જોતાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ રાજ્યમાં નિયંત્રણોને વધારે લંબાવ્યા છે. આ નિયંત્રણો દેશમાં લગાવવામાં આવેલાં પહેલાં લોકડાઉનની સમકક્ષ છે. મહારાષ્ટ્રમાં કાલે રાત્રે આઠ વાગ્યાથી ૧લી મે સુધી આ નિયંત્રણો લાગુ રહેશે.

'બ્રેક ધ ચેન'થી ઈસ્યુ કરવામાં આવેલી નવી ગાઈડલાઈન્સ પ્રમાણે, તમામ સરકારી કાર્યાલયો ફક્ત ૧૫ ટકા કર્મચારીઓની હાજરીમાં ચાલશે. કોવિડ-૧૯ મેનેજમેન્ટવાળી સંસ્થાઓએ આ અંગે છૂટછાટ રહેશે.રાજ્યોમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૫૬૮ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૬૭,૪૬૮ નવા દર્દી મળ્યા છે. રાજ્યમાં એક દિવસમાં મોતનો આ સૌથી મોટો આંકડો છે.

રાજ્યમાં કડક નિયંત્રણ બાદ એટલે કે ૧૫ એપ્રિલથી સંક્રમણના કેસમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નથી.

## માતાના મોતના બીજા જ દિવસે દીકરીએ ચોથે માળેથી કુદીને આત્મહત્યા કરી, નીચે ઉભેલા લોકો વીડિયો બનાવતા રહ્યા

નવી દિલ્હી,તા.૨૨

કોરોનાએ માતાને છીનવી તો દીકરી તે આઘાત સહન ના કરી શકતા તેણે પણ બીજા દિવસે ચોથા ફ્લોરના ઘરેથી કુદીને જીવ આપી દીધો હતો. આ હૃદય દ્રાવક ઘટના મધ્યપ્રદેશમાં રાયસન જિલ્લાના મંડીદીપમાં થઈ છે. માતાનું કોરોના સંક્રમણના કારણે મોત થયાના બીજા જ દિવસે ૨૧ એપ્રિલે દીકરીએ તેમના ચોથા ફ્લોરની બાલકનીમાંથી કુદીને આત્મહત્યા કરી હતી. તેનું સારવાર દરમિયાન નિધન થયું હતું. દુખદ વાત એ છે કે, નીચે ઉભેલા લોકો તેને બચાવવાની જગ્યાએ તેનો વીડિયો બનાવવામાં વ્યસ્ત હતા.રાયસેનના મંડીદીપ થાના ક્ષેત્રના હિમાંશુ હાઈટ્સનો મામલો છે. પરિવાર મૂળ કોલકાતાનો છે. છોકરીની માતાનું એક દિવસ પહેલા જ કોરોનાથી મૃત્યુ થયું હતું. તે પછીથી છોકરી ડિપ્રેશનમાં હતી. જેવો યુવતીએ ચાર માળ ઉપરથી કૂદકો માર્યો કે તાત્કાલિક પરિવારના સભ્યોએ તેના હાથ પકડી લીધા. ઘટનાના પગલે નાસ-ભાગ થવાથી નીચે પણ ઘણા લોકો ભેગા થઈ ગયા. પરિવારના સભ્યો છોકરીને બચાવવા માટે તેને ખેંચવાની કોશિશ કરતા રહ્યાં તો નીચે લોકો વીડિયો ઉતારતા રહ્યા. જોકે કોઈ પણ તેને રિંગ કે ચાદર વગેરેથી તેને નીચે બચાવવા માટે પ્લાન ન કર્યો. આ કારણે છોકરી નીચેથી ઉપર પડી તડફર્યા મારવા લાગી. તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. જોકે તેનો જીવ બચી શકયો નહિ. હોસ્પિટલમાં જ તેણે અંતિમ શ્વાસ લીધા.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૧૦૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૫૩૮૩૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૩૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૫૦૧૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૫૫૮૭૫**

## તંત્રી સ્થાનેથી...

# કોરોના કાળમાં પ્રજાનું શું.....

કોરોના મહામારી એ દુનિયા ને પેટમાં લીધું છે ત્યારે કુદરતે આપ્યું છે તો વાપરવાની પણ જીગર જોઈએ અને આ મહામારીમાં સિવિલ અને સ્મશાન ની મુલાકાત લેવી તે નાનીસૂની વાત નથી ત્યારે કોરોના ના કેસો GJ ૧૮ ખાતે વધતાં અને પ્રાઈવેટ તથા સરકારી દવાખાનામાં બધું કડક નિયમ અનુસાર હોવાથી ડેપ્યુટી મેયર અને અનેક લોકોએ દાખલ થવા આજીજી અને ભલામણ કરી હતી ત્યારે ડેપ્યુટી મેયર પોતે પંદર દિવસથી અવિરત સેવામાં જોતરાઈ ગયા છે ત્યારે કોરોના મા ઓપીડી કોઈ જવાની હિંમત કરતું નથી પણ મને સાચવશો મારો ભગવાન રામ અને જય દ્વારિકાધીશ કહીને અવિરત સેવા આપતા નાજાભાઈ ઓપીડીમાં હમણાંથી જોવા મળી રહ્યા છે ક્યારે ઓપીડીમાં મોટાભાગના લોકો દાખલ થવા આવે છે ત્યારે ખરેખર ઓક્સિજન લેવલને નીચું હોય અને સારવારની જરૂર હોય તેમને પ્રથમ પ્રાધાન્ય આપવા પોતે પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે તેમણે પોતાના પત્રમાં એમ્બ્યુલન્સ વાન ઓન વ્હીલ માટે પણ ત્વરિત માંગણી કરેલી છે અત્યારે લોકો ઓક્સિજન મેળવવા દોડધામ કરી રહ્યા છે ત્યારે ડેપ્યુટી મેયર જુદી-જુદી સંસ્થાઓ પાસેથી ઓક્સિજન મળે અને ઘરે જ સારવાર શક્ય હોય તો ઘરે કરવા પણ જણાવી રહ્યા છે. ડેપ્યુટી મેયર નાનાભાઈ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે શહેર પછી ગ્રામ્ય વિસ્તારોથી કોરોના દર્દીઓ વધતાં હોસ્પિટલ પેક થઈ ગઈ છે ત્યારે ઓક્સિજન લેવલ સરખું આવે અને જો હોસ્પિટલમાં સારવારની જરૂર ન હોય તથા ઘરે ઝડપ થી સાજા થઈ શકતા હોય તો તેમણે ઘરે આઈસોલેશન કોઈ નહિ હોય તેમ જણાવ્યું હતું કારણ કે હોસ્પિટલમાં દાખલ થયા બાદ જે ઘરના સભ્યો સહકાર આપીને જમવાથી લઈને દવાની કેર કરે તે અત્યારે ભીડના સ્પીડમાં ના પણ થઈ શકે ઘરના સભ્યોના કિલ્લોલથી માણસ ૫૦ ટકા માનસિક રીતે સારો થઈ જાય છે ત્યારે તેમણે જે પણ દર્દીને કોરોના પોઝિટિવ આવે તેમાં પાંચ જેટલા મોટા ડોક્ટરોને રિપોર્ટ બતાવીને બહારથી જેનેરિક દવા મળતી હોય તો તે દવા ચાલુ કરાવીને કોર્સ કરાવી દેવો જોઈએ ત્યારે ડેપ્યુટી મેયર સેક્ટર ૧૭ માં આવેલ ડોમ રાયસણ ખાતે આવેલ ગુડાનો હોલ થી લઈને અનેક જગ્યાઓ છે જે હજારો દર્દીઓને સમાવી શકીએ ત્યારે કોરોના ના વોર્ડ તથા ઓપીડીમાં કોઈ જવા માટે તૈયાર નથી ત્યાંથી પોતે પવન પુત્ર નું નામ લઈને સેવા કરી રહ્યા છે આ તેમણે એ પણ જણાવ્યું હતું કે રેમડેસીવર ની માંગ પ્રાઈવેટ હોસ્પિટલ થી લઈને બીજી પણ હોસ્પિટલો માંગી રહી છે ત્યારે આ માંગને પહોંચી વળવા પોતે પણ કલેકટર તથા કમિશનરને આ સંદર્ભે ધ્યાન દોર્યું હતું. ડેપ્યુટી મેયર પોતે આજે પણ પોતાનું વાહન અને સરકારી વાહન ક્યારે વાપરવાનું નહીં અને કોરોના માં જે દર્દીઓને બહારથી દવા નો આવે અને કન્ડિશન ન હોય તો મદદરૂપ પણ થઈ રહ્યા છે ત્યારે ઘરના સભ્યો પણ કોરોના ઓપીડીમાં ડેપ્યુટી મેયર રોજ જતા હોવાથી કાગારોળ અને કકળાટ કરતા હોય છે ત્યારે જે gËT½ ૧૮ ખાતે સ્થિતિ બની છે તેને આપણે આપેલ મુસીબતને સૌ સાથે મળીને અવસરમાં પલટાવી જ પડશે ઘરે બેસી રહીશ તો આ પરિસ્થિતિમાં પ્રજા નું શું થશે તેવા ઉમદા વિચારોથી પોતે ભાવવિભોર બનીને દોડી રહ્યા છે

# વૃદ્ધ માતાના પગમાં જ યુવાન પુત્રના શ્વાસ તૂટ્યા; સ્મશાનોમાં ચિતાઓ ઠંડી થતી જ નથી, કબ્રસ્તાનમાં બે ગજ જમીન પણ નથી








અમારો ઉદ્દેશ તમને ડરાવવાનો નથી, પરંતુ તમને એ સત્યથી રૂબરૂ કરવાનો છે, જે તમારા માટે જાણવાનું મહત્ત્વપૂર્ણ છે. સરકારી ફાઈલોમાં નોંધાયેલા કોરોનાથી થતાં મૃત્યુના આંકડાની વાસ્તવિકતા ઘણી વધુ ભયાનક છે. તમે આનો અંદાજ લગાવી શકો છો કે હવે સ્મશાન ઘાટ પર ચિતાઓ ઠંડી થયા પહેલાં જ બુઝાવી દેવામાં આવી રહી છે, જેથી બીજાના અંતિમસંસ્કાર કરી શકાય. કબ્રસ્તાનમાં મૃતદેહને દફન કરવા માટે ક્યાંય જગ્યા જ બચી નથી.

આ ફોટો સ્ટોરીમાં અમે તમને ૧૦ શહેરની આવી ૧૦ તસવીર બતાવીશું. એને જોઈને તમે આપ મેળે જ દેશની પરિસ્થિતિથી વાકેફ થઈ જશો. તસવીરો થોડું વિચલિત કરી શકે છે, કારણ કે એ એમાં તમને પોતાનાઓને ગુમાવવાની પીડા જોવા મળશે. મૃત પડેલી સિસ્ટમની ઝલક, જનતાની નિરાશા અને લાચારી જોવા મળશે. આ તસવીરો તમને એ વાતનો અનુભવ કરાવશે કે તમારી પાસે કેટલા પણ રૂપિયા કેમ ન હોય, તમે કેટલા મોટા હોદ્દા પર કેમ ન હોવપ જો થોડી પણ બેદરકારી દાખવી તો તે તમારી સાથે તમારાં પ્રિયજનો પર ભારે પડી શકે છે.

અમારો ઉદ્દેશ તમને ડરાવવાનો નથી, પરંતુ તમને એ સત્યથી રૂબરૂ કરવાનો છે, જે તમારા માટે જાણવાનું મહત્ત્વપૂર્ણ છે. સરકારી ફાઈલોમાં નોંધાયેલા કોરોનાથી થતાં મૃત્યુના આંકડાની વાસ્તવિકતા ઘણી વધુ ભયાનક છે. તમે આનો અંદાજ લગાવી શકો છો કે હવે સ્મશાન ઘાટ પર ચિતાઓ ઠંડી થયા પહેલાં જ બુઝાવી દેવામાં આવી રહી છે, જેથી બીજાના અંતિમસંસ્કાર કરી શકાય. કબ્રસ્તાનમાં મૃતદેહને દફન કરવા માટે ક્યાંય જગ્યા જ બચી નથી. ફોટો સ્ટોરીમાં અમે તમને ૧૦ શહેરની આવી ૧૦ તસવીર બતાવીશું. એને જોઈને તમે આપ મેળે જ દેશની પરિસ્થિતિથી વાકેફ થઈ જશો. તસવીરો થોડું વિચલિત કરી શકે છે, કારણ કે એ એમાં તમને પોતાનાઓને ગુમાવવાની પીડા જોવા મળશે. મૃત પડેલી સિસ્ટમની ઝલક, જનતાની નિરાશા અને લાચારી જોવા મળશે. આ તસવીરો તમને એ વાતનો અનુભવ કરાવશે કે તમારી પાસે કેટલા પણ રૂપિયા કેમ ન હોય, તમે કેટલા મોટા હોદ્દા પર કેમ ન હોવપ જો થોડી પણ બેદરકારી દાખવી તો તે તમારી સાથે તમારાં પ્રિયજનો પર ભારે પડી શકે છે.

# આજે પૃથ્વી દિવસે કુંવરપરા ગ્રામજનોએ પૃથ્વી બચાવવા વધુ વૃક્ષો વાવવાનો સકલ્પ લીધો

### કુંવરપુરા ગામમાં બે વર્ષ મા ૨૨૦૦૦ વૃક્ષોગ્રામજનોએ વાવ્યા,જે આજે ૧૫ થી ૨૦ફુટ ઉચા ઝાડ બની ગયા આજે પૃથ્વી દિવસેવધુ



રાજપીપલા તા ૨૨

આજે ૨૨મી એપ્રિલ પૃથ્વી દિવસ છે. એકમાત્ર આપણી પૃથ્વી પર જીવન છે જયા કુદરતે આપણને ભરપૂર મફત ઓક્સિજન આપ્યો છે ત્યારે આજે કોરોના મહામારીમાં લોકો ઓક્સિજનના આભાવે

લોકો તરફડી રહ્યા છે આજે દેશભર મા ઓક્સિજનની કમી વર્તાઈ રહી છે ત્યારે ભરપૂર કુદરતી ઓક્સિજન આપતા

કોરોના મા ઓક્સિજનની કમી પુરી કરનાર વૃક્ષો જ એકમાત્ર ઉપાય બચ્યો છે. ત્યારે આજે પૃથ્વી દિવસે આપણે સૌ પૃથ્વી બચાવવા અને ઓક્સિજન વધારવા વધુ વૃક્ષો વાવવાનો સંકલ્પ કુંવરપરા ના ગ્રામજનોએ કર્યો હતો

કુંવરપરા ગ્રામ પંચાયત ના સરપંચ નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે અમે અમારા ગામ કુંવરપુરા ગામમાં બે વર્ષ મા ૨૨૦૦૦ વૃક્ષો વાવ્યા હતા. આજે એ ફુલ્યા ફાલ્યા છે. કુંવરપુરા ગ્રામ પંચાયતમાં મારા ગામના વડીલો તેમજ મારા જેવા સાથી મિત્રો ના સહયોગથી અમે સહુ ગ્રામજનો ભેગા મળીને પોણા બે વર્ષ પહેલા વૃક્ષારોપણ અમારી ગૌચર જમીનમાં ૨૨૦૦૦ વૃક્ષો નુ રોપણ કરેલ હતું જે આજે ૧૫ થી ૨૦ફુટ ઉચા ઝાડ બની ગયા છે. અમારે ત્યાં પાણીનો અભાવ હોવા છતાં અમારા ગામના વડીલો ભાઈઓ બહેનો અને યુવા મિત્રો એ તેમજ ગ્રામજનોએ અને ૮૦થી ૧૦૦ફુટ નીચે ચેક ડેમ આવેલ છે ત્યાંથી ઘડે ઘડે પાણી ભરી અમે ભર ઉનાળામાં પણ આ વૃક્ષોનું જતન કર્યું. હાલ ચૈત્ર મહિનો ચાલી રહ્યો છે. અસહ્ય તાપ પડી રહ્યો છે એવા સમયમાં અમને અને અમારા સમગ્ર ગ્રામજનો અમે ગર્વ અનુભવી છીએ કે અમારી ગૌચર જમીનમાં આટલા સુંદર મજાના વૃક્ષો અહીંયા લહેરાઈ રહ્યા છે. અને આવનારા દિવસોમાં પશુ પક્ષીઓ જીવજંતુઓ અને અમારા ગ્રામજનો આ નો આનંદ લઇ રહ્યા છે


આવનારા દિવસોમાં અલગ-અલગ પ્રકારના વૃક્ષો વાવ્યા છે. એના પણ ટૂંક સમયમાં ખાવાલાયક ફળ આવશે તેનો પ્રાણીઓ પક્ષીઓ તેમજ અન્ય જીવજંતુઓનો ખોરાક બનશે. અમારા ગ્રામજનો દ્વારા આપ સર્વે ભાઈઓ-બહેનોને અમારી નમ્ર વિનંતી છે કે આપ પણ આપણા વિસ્તારમાં ગૌચરની જમીન છે કે આપણા ખેતરમાં શેરડી કે આપના વાડામાં આપના ઘરના આંગણે આવા સુંદર મજાના વૃક્ષો નું રોપણ કરો આવનારા દિવસોમાં આપ સહુ કુદરતની મજા માણો. આજે સમગ્ર વિશ્વમાં કોરોના જેવી મહામારી ચાલી રહી છે અને આ સમયમાં સમગ્ર વિશ્વમાં લોકોને ઓક્સિજનની જરૂર પડી રહી છે એના માટે ઓક્સિજન તેમજ દર્દીઓને વેન્ટિલેટર પર મૂકવામાં આવે છે. આજે સમગ્ર વિશ્વમાં આપણા દેશમાં પણ આજે ઓક્સિજન બનાવતી કંપનીઓ માં પણ આજે ઓક્સિજન પેશન્ટ સુધી પહોંચાડવા ખૂબ જ તકલીફ અને મુશ્કેલીઓ પડી રહી છે ત્યારે આ પૃથ્વીની રચના કરનાર ભગવનનો આભાર માનવો જોઈએ. આપણને આટલું સરસ મજાનું ઓક્સિજન જે કુદરતે બનાવેલી પ્રકૃતિએ આપ્યું છે એમાંથી આપણને મળી રહે છે જો આવનારા દિવસોમાં આપણે વૃક્ષોરોપણ નહીં કરીએ તો આપણી આવનારી પેઢી આપણને માફ નહીં કરે. એમને ભવિષ્યમાં ઓક્સિજન માટે ખુબ જ મુશ્કેલીઓ આવવાની છેએમ કુંવરપુરા ગ્રામજનોએપોતાના વિસ્તારમાં વૃક્ષારોપણ કરો અને તેનું જતન કરવાઅનુરોધ કર્યો હતો

બાઈટ :

નિરંજન વસાવા, સરપંચ, કુંવરપરા ગ્રામ પંચાયત

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# કોવિડ નવા સ્ટ્રેન મા શુ સાવધાની રાખશો?અવેરનેસ સેમીનાર




છેલ્લા ૧ વર્ષ થી સમગ્ર જગતમાં કોવિડ નું સામ્રાજ્ય ચાલે છે. તેથી મિડિયા માધ્યમે અવેરનેસ લગભગ બધા ને આવી ગઈ છે. હાલ માં ભારતમાં કોવિડ ની બીજી લહેર ચાલે છે. આ નવો સ્ટેન ખૂબ જ ખતરનાક છે. છેલ્લા ૨૦દિવસથી રોજ સારા-ખોટા ન્યૂઝ સાભળીએ છીએ. જુની લહેર માં જે સાવધાનીઓ હતી તેમાં બીજી લહેર માં સાવધાની ઓ વધી છે.ડર-ડિપ્રેશન-લોકો ના મગજ માં ઘર કરી રહ્યા છે અને એટલે જ નવા સ્ટેન માં કેવા પ્રકારની સાવધાની રાખવી જોઈએ તે અંગે માહિતી મલે તે હેતુસર આજરોજ નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડૉ.હરિકૃષ્ણ ડહ્યાભાઈ સ્વામી સ્કુલ ફોર મેન્ટલી ડિસેબલ્ડ ધ્વારા સવારે ૧૧ થી ૧ દરમ્યાન એક ઓનલાઈન સેમિનાર નું આયોજન કરવા માં આવ્યું હતુ.જેમા એજ્યુકેટર શ્રી નીલેશ પંચાલ એ માસ્ક, શોશયલ ડિસ્ટન્સ અને હાથ ને વારંવાર ધોવા-સેનેટાઈઝ કરવા નુ મહત્વ સમજાવ્યું હતુ.ત્યારબાદ યોગ નિષ્ણાત ડો.સુભાષ આપટે એ આવી પરિસ્થિતિમાં કસરત અને જરુરી યોગ કરવા નુ મહત્વ સમજાવ્યું હતુ.

ત્યારબાદ હોમિયોપથી ડો.પાયલબેન રાવલ એ હાલ ની વિકટ પરિસ્થિતિ મા લોકો એ કેવી ભુલો ન કરવી અને માત્ર ડોકટર ની સલાહ મુજબ જ દવા કે ટ્રીટમેન્ટ લેવા વિશે સમજાવ્યું હતુ. જેમા આ મુદા અગત્ય ના હતા.

★ ઈ્ઁઝઇ ટેસ્ટ નું રીઝલ્ટ આવે ત્યાં સુધી ટેસ્ટ કરાવનારે હોમકોરન્ટાઈન રહેવુ હિતાવહ છે.

★ હોમકોરન્ટાઈન દર્દી ના ઘર ના બીજા સભ્યો એ પણ પોતાને આઈસોલેટ કરવા જોઈએ.

★ બે-દિવસથી આવતી શરદી-ખાસી-તાવ-ને સામાન્ય ન ગણતા ઘરેલુ ઉપચાર કરવા ને બદલે તબીબી સલાહ લેવી અને ડર રાખ્યા વિના તેનુ પાલન કરવું.

★ વેકસીન લેવી જરૂરી છે,લીધા પછી તાવ આવશે અને કોરોના થશે એવો ડર અયોગ્ય સ્થાને છે.

★ ઘર મા જયારે કોરોના નો કેસ આવે તો તરત જ ડર રાખ્યા વિના ફેમીલી ડોકટર ની સલાહ લેવી.સરકારી હેલ્પ લાઈન ૧૦૪પર ફોન કરી માહીતી લઈ શકો છો.

આવા અનેક મુદ્દાઓ ની ચર્ચા તથા ભાગ લેનાર ને મુઝવતા સવાલો ના જવાબો પણ આ ટીમ દ્વારા આપવામાં આવ્યા.

આયોજકો ને આશા છે કે આ માહિતી ભાગ લેનાર સૌ ને લાભદાયી નિવડશે.

નિલેશ પંચાલ
સંચાલક શ્રી
(૯૮૨૪૨૬૩૬૦૮)

# કાંકરેજના ઉણથી પાદર રોડ ઉપર જીપડાલા અને બાઈક વચ્ચે અકસ્માત...બાઈકનુ ચાલકનું કમકમાટી ભર્યું મોત



કાંકરેજ

કાંકરેજ તાલુકાના ઉણ થી પાદર ગામે જતાં રોડ ઉપર સવારના સાતેક વાગ્યા આસપાસ ઉણથી પાદર જતાં રોડ ઉપર પીકઅપ ડાલુ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલક નું મૃત્યુ નિપજતાં પોલિસ ફરીયાદ નોંધાઈ પ્રાપ્ત વિગતો અનુસાર ઉણથી પાદર ગામે જતાં રોડ ઉપર આશરે સવારના સાત વાગ્યાના સુમારે ઉણથી શિરવાડા પોતાનુ બાઈક નં.જી.જે.૨૭-આર.૮૫૨૧લઈને મજુરી જવા નિકળ્યા ત્યારે ઉણથી પાદર રોડ ઉપર પીકઅપ ડાલા નંબર જી.જે.-૮એ.યુ.- ૨૮૬૪ ના ચાલકે પુરપાટ ઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી બાઈક ચાલક નવધણજી અમરતજી ઠાકોર ઉ.વ ૨૧,રહે. ઉણ,તા.કાંકરેજવાળાને અડફેટે લેતાં અકસ્માત થતાં નવધણજીને માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થતાં ૧૦૮ મારફતે સારવાર માટે થરા જે.વી.શાહ રેફરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.અને વધુ સારવાર માટે ધારપુર ખસેડાયા. જયાં સારવાર દરમ્યાન નવધણજીનુ મોત નિપજતાં લાશને પી.એમ. માટે થરા જે.વી.શાહ રેફરલ હોસ્પિટલ ખાતે લાવી હતી. પી.એમ બાદ મૃતકની લાશને તેના વાલીવારસોને સુપરત કરાઈ હતી. મૃતક ની વિધવા માતાએ કમાઉ અને જવાબદાર દીકરો ગુમાવતાં પરિવાર ઉપર આભ ફાટ્યું હતું ફરીયાદી મુનેશભાઈ અમરતજી ઠાકોર ઉ.વ.૧૯ રહે. ઉણ,તા.કાંકરેજવાળાની ફરીયાદના આધારે થરા પોલિસે ફરીયાદ નોધી જીપડાલા ચાલક વિરુધ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે..

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# નર્મદામા કોરોના ના કેસ ૨૮૦૦ને પાર

રાજપીપલા, તાર૧

નર્મદા જિલ્લા મા કોરોના વિસ્ફોટ સતત થઈ રહ્યો છે,જેમાં આજે નર્મદા આજે એકજ દિવસમાં ૪૩કેસ નોધાતા સતત વધતા જતો ગ્રાફ ચિંતાનો વિષય બન્યો છે.એક તરફ કોરોના ની ચેન તોડવા તંત્ર વેક્સીનેસનની કામગીરી વેગવાન બનાવી રહી છે લોકો રસી મુકાવી રહ્યા છે.બીજી તરફ નર્મદા મા કોરોનાની ચેન તોડવા લોકડાઉન વધારાઈ રહ્યું છે ત્યારે તેની સામે કોરોના ના કેસો ઘટવાને બદલેક્ર્મશ વધી રહ્યા છે.હવે કોરોના નર્મદા ના પાંચેય તાલુકામાં ફેલાયો છે. જેમાં નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજે સત્તવાર આંકડા બહાર પાડ્યા હતા તેમાં આજના ૪૩કેસમાં નાંદોદ મા ૧૦કેસ, ગરુડેશ્વર તાલુકામાં ૧૦,તિલકવાડા મા ૦૩,ડેડીયાપાડા મા ૦૬,સાગબારા મા ૦૮અને રાજપીપલા મા ૧૦કેસ મળી કૂલ ૪૩કેસ નોંધાતા જિલ્લા ના પાંચેય તાલુકામાં કોરોના પ્રસર્યો હતો.

COVID-૧૯ મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે ઈ્ઁઝઇ ટેસ્ટમાં વધુ ૨૨ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૨૧ સહિત કુલ-૪૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ, જિલ્લામાં આજદિન સુધી ઈ્ઁઝઇ ટેસ્ટમાં ૧૪૭૭, એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૨૬૧ અને ટ્રૂ નેટ (્રૂ હક્ક) ટેસ્ટમાં ૬૭ દરદીઓ સહિત જિલ્લામા પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૨૮૦૫ નોંધાવા પામી હતી. રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૨૧ દરદીઓને આજે રજા અપાતા, જિલ્લામાં આજદિન સુધી કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૧૬૩૮ દરદીઓ, કોવીડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૯૧૬ દરદીઓ સહિત કુલ-૨૫૫૪ દરદીઓને રજા આપવામાં આવી છે. આમ, હોમ આઈસોલેશનમા ૧૧૮ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૫૪ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૩૯ અને વડોદરા ખાતે ૩૭ દરદીઓ સહિત કુલ-૨૪૮દરદીઓ સારવાર હેઠળ છે. આજે RTPCR ટેસ્ટમાં ૫૯૫અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૦૩૩ સહિત કુલ-૧૭૦૮ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે.

# કેનાલના કામમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે ભ્રષ્ટાચાર ચલાવી લેવામાં નહીં લેવાય સાંસદ મનસુખ વસાવા



રાજપીપળા,તા .૨૨

જીતગઢ થી ગુવાર વચ્ચે કરજણ જળાશય યોજનાના જમણા કાંઠાની મુખ્ય નહેરોનું બાંધકામ નું કામનું નિરીક્ષણ કરતા સંસદની ટકોર .કામની ગુણવત્તા જળવાઈ રહે, બરાબર પાણી છાંટવામાં આવે તથા ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહે,તે માટે ખેડૂતના હિતમાં કેનાલનું કામ ગુણવત્તાવાળું કરવામાં આવે.

હાલ કરજણ જળાશય યોજનાના જમણાં કાંઠાની મુખ્ય નહેરનું બાંધકામનું કામ જીતગઢ થી ગુવાર સુધી ચાલી રહયું છે. તેની સાંસદ મનસુખ વસાવાએ અચાનક મુલાકાત લઈ કામનું નિરીક્ષણ કર્યું હતું. અને કેનાલના કામમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે ભ્રષ્ટાચાર ચાલી ચલાવી લેવામાં નહીં આવે તેવી ટકોર સાંસદ મનસુખ વસાવાએ કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આ કામ કરોડો રૂપિયાના ખર્ચે થનાર છે. છેલ્લા ૧૦ વર્ષથી કેનાલો તૂટી જવાના કારણે ખેડૂતોને સિંચાઈનું પાણી મળતું ન હતું અને ઘણા વર્ષો પછી નવેસરથી આ કેનાલોનું કામ થઈ રહયું છે, તો પાછલા વર્ષોની જેમ ફરી કેનાલના કામમાં તકલાદી કામગીરી ન થાય અને કામની ગુણવતા સારી જળવાય રહે તથા ફરી ખેડૂતોને આ પરિસ્થિતિનો સામનો ન કરવો પડે તે માટે આ બાબતને ધ્યાનમાં રાખીને આ વિસ્તારના જાગૃત આગેવાનો તથા ખેડૂતોઓએ હાલમાં કેનાલના કામમાં પીચિંગ કરવાનું કામ ચાલુ છે, તેમાં બરાબર પાણી છાંટવામાં આવતું નથી અને તેના લીધે કામની બરાબર ગુણવતા જળવાતી નથી, તેવી વગેરે બાબત ખેડૂતોને ધ્યાને આવતા, આ વિસ્તારના જાગૃત આગેવાનો તથા ખેડૂતો પાસેથી આ બાબતની મને રજુઆત મળતા.આ રજુઆતના આધારે સાંસદ મનસુખ વસાવાએ તાત્કાલિક ધોરણે આ વિસ્તારના આગેવાનો તથા ભાજપ અગ્રણી રાજુભાઈ વસાવા, તાલુકા ભાજપ મહામંત્રી અશોકભાઈ વસાવા તથા ભાજપ અગ્રણી કમલેશભાઈ પટેલની સાથે આ કેનાલના કામનું જાતે નિરીક્ષણ કર્યું હતું.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

# બ્રહ્મ સમાજના અગ્રણી હરગોવનભાઈ શીરવાડિયા ની સમાજ ને અપીલ



કાંકરેજ

કોરોના વાયસસ મહામારી ના વધતા જતા પ્રકોપવચ્ચે બ્રહ્મ સમાજના અગ્રણી હરગોવનભાઈ શીરવાડીયાએ કોરોના મહામારીથી બચવા સાવચેત રહેવા અપીલ કરી હતી. દેશમાં કોરોના નું સંક્રમણ દિન પ્રતિદિનવિકરાળસ્વરૂપ ધારણ કરી રહ્યું છે. રાજ્ય સહિત જિલ્લા અને તાલુકાના અંતરિયાળ ગામડામાં પણ કેસ ની સંખ્યા વધી રહી છે. ત્યારે બ્રહ્મ સમાજના અગ્રણી આગેવાન હરગોવનભાઈ શીર્વાડિયા દ્વારા સોશ્યલ મીડિયા ના માધ્યમથી સમાજને અપીલ કરતા જણાવ્યું કે હાલમાં ચાલી રહેલા કપરા સમયમાં લગ્નપ્રસંગ, સામાજિક, અને અન્ય પ્રસંગ મોકૂફ રાખવા તેમજ મરણોત્તર પછી ટેલિફોનિક બેસણા રાખવા વિનંતી કરી હતી તેમજ વર્તમાન સમયમાં સંયમ રાખી સ્વંયમ શિસ્ત જાળવી બિન જરૂરી ઘર ની બાહર ના નીકળવું સાથે સરકારશ્રી ની ગાઈડલાઈન નું ચુસ્તપણે પાલન કરવું.તેમજ માસ્ક, સ્વચ્છ હાથ અને સોશ્યલ ડિસ્ટટ આ ત્રીસુત્રી નું પાલન કરવાનું આવાહન કર્યું હતું.

તેમજ તેમણે ડોકટર,પોલીસ, સરકારી અધિકારીઓ અને મીડિયા મિત્રો નો આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે આ સંકટ સમયમાં પોતાના જીવ ની પરવા કર્યા વગર સેવા કાર્ય માં અગ્રેસર છે. સાંપ્રત સમયને અનુલક્ષીને સમાજમાં જે પણ લોકોએ તેમના લગ્નપ્રસંગ, સામાજિક પ્રસંગો મોકૂફ રાખ્યા છે.એ દરેક નો આભાર વ્યક્ત કર્યો હતો. તથા હરગોવનભાઈ એ દરેક ને ઘરમાં રહો સુરક્ષિત રહો નો સંદેશ આપ્યો હતો.






નિષ્ઠા ફાઉન્ડેશન ટીમ દ્વારા કોરોના દર્દી,અને તેના પરિવાર ને બંને સમય ભોજન.પહોચાડવામાં આવે છે.તેમજ જરૂરિયાત માંડ દર્દી ને ઑક્સિજન બેડ પણ. આપવામાં આવે છે સેકટર ૧૭ માં ૫૦ બેડ ઑક્સિજન સાથે તૈયાર કરવામાં આવ્યા છે.મનાવતા ની મહેક યુવા ટીમ દ્વારા આ મહામારી માં સુંદર કામગીરી બજાવવામાં આવે છે.ખૂબ ખૂબ ધન્યવાદ

# કોરોના મહામારી માં હોસ્પિટલ માં આવતા ઓક્સિજન ની બોટલ ની અછત ના કારણે દર્દી ના જીવ જોખમ માં મુકાય છે તે બાબત

જય ભારત સાથે જાણવાનું કે, કોરોના મહામારી માં અત્યારે ગાંધીનગર જિલ્લા ખાતે ઓક્સિજન ની ખુબ અછત ઉભી થઇ છે અને ગાંધીનગર માં કોર્પોરેશન ની હદ માં આવેલી કોવિડ હોસ્પિટલો ને છેલ્લા ૧૦ દિવસ થી ઓક્સિજન ના બોટલ ની ખુબ જ અછત ઉભી થઇ છે, સપ્લાયર જોડે થી સ્ટોક નઈ આવતા હોસ્પિટલ ને પોતાના ૪-૫ બોટલ લઈને પોતાના વાહન માં વિજાપુર, છત્રાલ, કલોલ મોકલવા પડે છે ઓક્સિજન લેવા માટે, અવાર નવાર ટેલિફોન થી ફરિયાદ કરતા પણ તેનું નિરાકરણ આવ્યું નથી, અને અચાનક ઓક્સિજન પૂરો થઇ જતા દર્દી ને શ્વાશ લેવા માં તક્કીફ પડે છે અને તેનો જીવ પણ જોખમ માં મુકાય છે જો આવું ને આવું ચાલ્યું તો એ દિવસ દૂર નથી કે ભાવનગર ની જેમ ગુજરાત ના કેપિટલ કહેવાતા ગાંધીનગર માં પણ ઓક્સિજન ની બોટલ ટાઈમે અને જોઈએ તેટલા સ્ટોક માં નહિ મળે તો અહીયા પણ દર્દી નો જીવ જશે. તો આપ સાહેબ શ્રી ને નમ્ર નિવેદન છે કે અમને અને ગાંધીનગર જિલ્લા માં ની દરેક હોસ્પિટલ માં ઓક્સિજન નો પૂરતો સપ્લાય મળી રહે તે માટે મદદ કરવા અપીલ કરીયે છીએ અને વિનંતી કરીયે છીએ .

દિપક વ્યાસ : માનવતા ની મહેક, ગાંધીનગર.



**GMDC ગ્રાઉન્ડ ખાતેની આ નવી ફેસેલીટી ક્યારની રેડી છે. બસ પ્રસિદ્ધિ ભૂખ્યા ઉધઘાટકો ની કદાચ રાહ જોવાઇ રહી છે?**

# નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તથા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ગુજરાતનાં તમામ જીલ્લાઓમાં ભાજપ દ્વારા સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યા



પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, જે રીતે કોરોનાની મહામારી સમગ્ર વિશ્વમાં ફેલાઈ છે ત્યારે આ વૈશ્વિક મહામારી સામે લડવા માટે કોરોનાના દર્દીઓની સારવાર માટે અને તેમને દરેક પ્રકારની આરોગ્યને લગતી સેવાઓ મળી રહે તે હેતુસર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તથા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં પ્રદેશના હોદ્દેદારો અને જીલ્લા પ્રમુખ મહામંત્રીઓ સાથે એક વર્ચ્યુઅલ બેઠકનું આયોજન થયું હતું. જેમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યુ હતું કે, આ મહામારીથી બચવા માટે અને દર્દીઓને મદદરૂપ થવા માટે ગુજરાતનાં દરેક જિલ્લાઓમાં ભાજપ દ્વારા અલગ અલગ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે તેવો વિચાર રજૂ કરવામાં આવેલ.

ભારતીય જનતા પાર્ટીએ હકારાત્મક વિચારધારા તથા સેવા એજ કર્તવ્યના પાયા ઉપર કામ કરી રહેલો પક્ષ છે. ભારતીય જનતા પાર્ટીનો પ્રત્યેક કાર્યકર આ કપરા સમયમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તથા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં ૨૧ એપ્રિલ સુધીમાં ધારાસભ્યશ્રીઓના સહકારથી ૬૦૩૨ બેડના, સાંસદસભ્યોના સહકારથી ૧૧૩૫ બેડના તેમજ જિલ્લા/મહાનગરના પ્રમુખશ્રીઓ અને સ્થાનિક સંસ્થાના સહકારથી ૪૮૮૦ બેડના કોવિડ કેર સેન્ટરો શરૂ કરવામાં આવ્યા. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની સેવાયજ્ઞ હાંકલ હેઠળ કુલ ૧૨૦૪૭ બેડના કોવિડ કેર સેન્ટરો ગુજરાતના વિવિધ સ્થળોએ શરૂ કરવામાં આવ્યા

આ ઉપરાંત ભાજપના દરેક જીલ્લા/મહાનગરના કાર્યાલયો પર હેલ્પ ડેસ્ક, પ્રદેશ મુખ્ય કાર્યાલય ×શ્રી કમલમ× ગાંધીનગર ખાતે ×૦૭૯-૨૩૨-૭૬૯૪૪ નંબરની હેલ્પ લાઈન શરૂ કરવામાં આવી તથા દર્દીઓના સગા અને હોસ્પિટલ સ્ટાફ સહિત લોકોને ભોજન સેવા તેમજ ક્વોરનટાઈન રહેલા વ્યક્તિઓને ટિફિન સેવાની શરૂઆત પણ ગુજરાતનાં મોટા ભાગના જીલ્લાઓમાં શરૂ કરવામાં આવી. ભાજપા સંગઠન દરેક સ્તરે સેવાકીય કાર્યમાં અગ્રેસર રહી કોરોનાની મહામારીનો સામનો કરવા સુસજ્જ છે. હકારાત્મક વિચારધારા અને સેવાકીય પ્રેરણા મળી રહે તે હેતુસર ભાજપના પ્રત્યેક કાર્યકરોની કામગીરી બિરદાવવા ×સેવાયજ્ઞ× નામનું ઈ-ન્યૂઝ લેટર શ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ મીડિયા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ આ ન્યૂઝ લેટરમાં કાર્યકરો, જીલ્લા/મહાનગર પ્રમુખો, ધારાસભ્યો અને સાંસદ સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ સેવાકીય પ્રવૃત્તિઓને રોજે-રોજ ફોટા સહિત સ્થાન આપવામાં આવે છે જે પ્રેરણા દાયક બની રહેશે.

# નર્મદા જિલ્લામાં કોવિડ હોસ્પિટલની પ્રારંભિક ૧૦૦ ની બેડ ક્ષમતા પાંચ ગણી કરવાના દ્રઢ નિર્ધાર સંદર્ભે જિલ્લામાં ૪૧૦ બેડની સુવિધા ઉપલબ્ધ

## જરૂરીયાત મુજબ વધુ ૯૦ બેડની સુવિધા ખાનગી દવાખાનાઓમાં ઉપલબ્ધ કરાશે

રાજપીપલા,તા ૨૨

નર્મદા જિલ્લાના પ્રભારી સચિવ અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમના મેનેજીંગ ડિરેક્ટર તથા કોવિડ-૧૯ માટે નર્મદા જિલ્લાની વિશેષ જવાબદારી સંભાળી રહેલા એસ.જે. હૈદરે વૈશ્વિક કોરોના મહામારી સંદર્ભે નર્મદા જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિની સમીક્ષા માટે જિલ્લા કલેક્ટર ડી.એ. શાહ, સહિત જિલ્લા આરોગ્યતંત્રના વરિષ્ઠ તબીબી અધિકારીઓ સાથે આજે રાજપીપલા કલેક્ટરાલય ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા સહિત સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. અને જિલ્લા પ્રશાસનને જરૂરી સુચનો સાથે જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતુ.



જિલ્લા પ્રભારી સચિવ એસ.જે. હૈદરના અધ્યક્ષસ્થાને આજે રાજપીપલા કલેક્ટરાલય ખાતે યોજાયેલી ઉક્ત બેઠકને સંબોધતા હૈદરે જણાવ્યું હતું કે, રાજપીપલાની આયુર્વેદિક કોલેજ ખાતેની કોવિડ-૧૯ હોસ્પિટલની ૧૦૦ બેડની ક્ષમતાને પાંચ ગણી કરવાના દ્રઢ નિર્ધાર સંદર્ભે રાજપીપલાની આયુર્વેદિક હોસ્પિટલ ખાતે હાલમાં વધુ ૧૦૦ બેડની ક્ષમતા સાથે ૨૦૦ બેડ, જિલ્લાના ચાર સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૦૦ બેડ, ૪ ખાનગી હોસ્પિટલો ખાતે ૧૧૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરાઇ છે, જ્યારે જરૂરીયાત મુજબ વધુ ૯૦ બેડની સુવિધા ખાનગી હોસ્પિટલો ખાતે ઉભી કરવાની કાર્યવાહી પણ હાલ પ્રગતિ હેઠળ હોવાનું હૈદરે ઉમેર્યું હતું.

તેવી જ રીતે જિલ્લામાં શરૂઆતની કોવિડ કેર સેન્ટરની ૧૫૦ બેડની ક્ષમતા વધારીને ૧ હજારની કરવાના લક્ષ સાથે જિલ્લામાં ૯ કેન્દ્રોમાં કોવિડ કેર સેન્ટર કાર્યરત કરાયાં છે દરેક તાલુકામાં ૫૦ બેડની ક્ષમતા-સુવિધા ઉપલબ્ધ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના જે તે તાલુકા વિસ્તારના હળવા લક્ષણો વાળા દરદીઓ ( માઇલ્ડ કેસીસ કિસ્સા ) ને જે તે તાલુકામાં જ જરૂરી સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરાઇ છે.

જિલ્લા પ્રભારી સચિવએસ.જે. હૈદરે બેઠકમાં ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે, રાજપીપલા ખાતે ઈંઝઇ ટેસ્ટની સુવિધા માટે જરૂરી સાધનો ઉપલબ્ધ થયેલ છે અને તે અંગેની તાલીમ પણ અપાઇ છે. આગામી ત્રણ-ચાર દિવસમાં ઈંઝઇ ટેસ્ટની લેબ કાર્યરત થઇ જશે. રેમડેસિવિર ઈજેક્શનનો પૂરતો જથ્થો જિલ્લાને ઉપલબ્ધ થયેલ છે. આ ઈંજેક્શન મેડીકલી ઉચીત અને વાજબી જણાય તેવા દરદીઓના કિસ્સાઓમાં જ ઉપયોગ થાય તે જોવાની પણ તેમણે ભારપૂર્વક હિમાયત કરી હતી. જિલ્લાના પાંચ વેન્ટીલેટર છોટાઉદેપુર ખાતેથી પરત મળેલ છે. નર્મદા જિલ્લાના આયુષ ડૉક્ટર, સ્ટાફ નર્સ સહિતનો વડોદરા ખાતે ડેપ્યુટેશનમાં મુકાયેલો મેડીકલ સ્ટાફ પણ જિલ્લાને પરત મળી ગયેલ છે અને જિલ્લામાં તેમની સેવાઓ લેવાઇ રહી છે.

બેઠકમાં ચર્ચા દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રી ડી.એ.શાહે જણાવ્યું હતું કે, રાજપીપલામાં કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે ઓક્સીજનના પ્લાન્ટની સ્થાપનાની દિશામાં પણ સઘન વિચારણા હાથ ધરાઇ છે. રાજપીપલાના સ્મશાનગુહમાં ઈલેક્ટ્રી ભઠ્ઠીની સુવિધા, જિલ્લાના દરેક ગામમાં પલ્સ ઓક્સીમીટરની સુવિધા ઉપલબ્ધ કરવાં,દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ઓક્સીજનની સુવિધા ઉપલબ્ધ કરવાં, ૧૦૮ એમ્બુલન્સ આરોગ્ય સેવકોને જિલ્લાની અને નજીકની કોવિડ હોસ્પિટલોમાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓથી વાકેફ કરવાં, આરોગ્ય ટુકડીઓની સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવી, જરૂરી વિટામીનની ગોળીઓ દવાના ફિક્સ પેકેટ વિતરણ કરવાં, જરૂર પડે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોવિડ કેર સેન્ટરમાં સંબંધિત દરદીને તુરંત જ સારવાર મળી રહે તે અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરાઇ હતી.

સિવિલ સર્જન ડૉ.જ્યોતિબેન ગુપ્તાએ બેઠકમાં ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલના ઓક્સિજનના ૭૦ જુના મોટા સિલીન્ડર ઉપરાંત ૫૫ નવાં ઓક્સિજન સિલીન્ડરની સુવિધા ઉપલબ્ધ કરાઇ છે, જ્યારે નવા ૧૨૦ સિલીન્ડરનો ઓર્ડર અપાયેલ છે.

એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ.આર.એસ.કશ્યપે જણાવ્યું હતું કે, કોવિડ કેર સેન્ટરોમાં ૪૦૦ બેડની વ્યવસ્થા હતી તેને ૧ હજાર બેડ સુધી લઇ જવામાં આવશે તેમજ સરકારી અને ખાનગીમાં જયાં ૧૦૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યાં ૫૦૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે તેની સાથોસાથ દરેક તાલુકાકક્ષાએ ઓક્સીજનની સુવિધાવાળા ૨૦ બેડની સુવિધા ટુંક સમયમાં ઉપલબ્ધ કરાશે જિલ્લામાં ૨૫ જેટલાં ધન્વંતરી રથ ઉપરાંત , PHC-CHC-SDH સહિત જિલ્લાના કુલ-૩૪ જેટલા કેન્દ્ર ખાતે એન્ટીજન, RTPCR ટેસ્ટની કામગીરી કરવામાં આવી રહી છે તે સિવાય ૧૨ જેટલાં વિવિધ કેન્દ્રો ખાતે એન્ટીજન, RTPCT ની સાથે વેક્સીનેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ગત વર્ષનું પાક ધિરાણ રીન્યુ કરવા માણાવદરના કોંગી અગ્રણી અરવિંદ લાડાણીની સરકારને રજૂઆત

માણાવદ

ગુજરાતભરમાં વસતા અને ખેતી ઉપર નિર્ભર રહેલા લાખો ખેડૂતો વર્તમાન સમયમાં કોરોના મહામારી જેવા કોરોના રોગને કારણે ખેતી તરફ વધારે લક્ષ્ય આપી શકતા નથીગયા વર્ષે અતિવૃષ્ટિ અને આ વર્ષે કોરોના મહામારી ને કારણે ખેડૂતો આર્થિક પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે ચોમાસાનો સમય નજીક આવી રહ્યો છે ગયા વર્ષનું પાક ધિરાણ ભરીને નવું ઉપાડવાનો સમય આવી ગયો છે ત્યારે હાલની પરિસ્થિતિએ ખેડૂતો ને ચિંતામાં ગરકાવ કરી દીધા છેઆ અંગે માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ લાડાણી એ મુખ્યમંત્રી તથા કૃષિ મંત્રીને પત્ર પાઠવી જણાવ્યું છે કે પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ ગત વર્ષ ૨૦૨૦-૨૧ નું પાક ધિરાણ રીન્યુ કરવું જરૂરી બન્યું છે

ખેડૂતોની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ હોઇ ફક્ત બે કે પાંચ દિવસ માટે ધિરાણ નવું જૂનું કરવા માટે ખેડૂતોએ વ્યાજે નાણા ગોતવા પડે એવી પરિસ્થિતિ ઉભી થઈ છે જેથી સરકાર ચાલુ વર્ષે ધિરાણ ભર્યા વગર જ નવા જૂનું કરી ધિરાણ રેગ્યુલાઇઝ કરે એવી માંગણી જૂનાગઢ જિલ્લાના ખેડૂતો દ્વારા ઉઠવા પામી છે.આ અંગે તાકીદે ઘટતું કરવા લાડાણીએ મુખ્યમંત્રી તથા કૃષિ મંત્રીને જણાવ્યું છે

એહવાલ

જીગ્નેશ પટેલ માણાવદર

# નર્મદા દેડીયાપાડા અને નાંદોદ તાલુકામાં થી કુલ ત્રણ બોગસ ડોકટરો ઝડપાયા

## દેડીયાપાડા તાલુકા માંથી બે (૨) અને નાંદોદ તાલુકાના રાજપીપળા માંથી એક (૧) બોગસ ડોકટરની ધરપકડ.

રાજપીપળા,તા. ૨૨

કાકરપાડા,મોવી અને ઉમરાણ ગામેથી એલોપેથીક મેડીકલ પ્રેકટીસ કરતા ત્રણ બોગસ તબીબો સામે કાર્યવાહી.,મેડિકલ સામગ્રી દવાઓના મુદ્દામાલ સાથે ત્રણે ઝડપી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઇ

હાલ નર્મદા માં કોરોનાના કેસો વધી રહ્યા છે.અને બીજા કારણસર પણ લોકો બીમાર પડી રહ્યા છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ઝોલાછાપ બોગસ ડો ફૂટી નીકળ્યા છે.જેઓ ડોક્ટર નું સર્ટી નહોવા છતાં મેડીકલ પ્રેક્ટિસ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે.ત્યારે પોલીસ અને આરોગ્ય તંત્રે આવા બોગસ ડોકટરો સામે લાલ આંખ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં દેડીયાપાડા તાલુકા માંથી એકી સાથે બે અને નાંદોદના રાજપીપળા માંથી એક બોગસ ડોક્ટર મળી કુલ ત્રણ બોગસ ડોકટરો ઝડપાયા છે જેમાં કાકરપાડા,મોવી અને ઉમરાણ ગામેથી એલોપેથીક મેડીકલ પ્રેકટીસ કરતા ત્રણ બોગસ તબીબ સામે કાર્યવાહી કરાઈ છે. જેમાં ફરિયાદી ડો. રીંપલકુમારી અરવિંદભાઈ વસાવા (મૂળ રહે સામરપાડા,દેડીયાપાડા) એ આરોપી પ્રશાંત સચિન બિશ્વાસ (રહે, કાકરપાડા મૂળ રહે, બલવપુર પોસ્ટ. અરબાંદી જી. નુંધીયા વેસ્ટ બંગાળ થાણા શાંતિપુરા) સામે ફરિયાદ કરી છે. જેમાં બીજી ફરિયાદ જેમાં ફરિયાદી પોસઈ એમ.બી.ચૌહાણ એસ.ઓ.જી નર્મદાએ આરોપી સુશાંત શૌલેન્દ્રનાથ બાગચી (રહે, મોવી તા.નેત્રંગ જી.ભરુચ, મૂળ રહે, સ્વરનોખાલી તા.કૃષ્ણગંજ જી.નદીયા પશ્ચિમ બંગાળ) સામે ફરિયાદ કરી છે. તથા ત્રીજી ફરિયાદ જેમાં ફરિયાદી ડો. ભાવિનભાઈ કેશવભાઈ વસાવા (રહે,ગુરુજીનગર સોસાયટી ઝંખવાવ તા.માંગરોળ જિ સુરત )એ આરોપી પ્રસાદ પરેશચંદ્ર સરકાર(રહે,ઉમરાણ સરપંચ ફળિયું મૂળ રહે, રાયનગર પો.નાસરકુલી તા .રાણાઘાટ જી.નદીયાપશ્ચિમ બંગાળ) સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ ત્રણેય આરોપીઓ પોતે ડોક્ટર નથી તેમ જાણતો હોવા છતાં એલોપેથિક દવાઓ વડે તબીબી પ્રેક્ટિસ કરી એલોપેથીક ટેબલેટો, સીરપની બોટલો તથા પોઇન્ટ ચઢાવવાના બોટલો, સીરીંજનીડલો, બેડની સુવિધા દવાઓ ઈન્જેક્શનનો ગેરકાયદેસર રીતે રાખી જાહેરમાં દવાખાનું ખોલી બેઠો હતો . અને પોતે નિષ્ણાત ન હોવા છતાં દાક્તરી સેવા ના સાધનો વડે સારવાર કરી પોતાના આર્થિક ફાયદા સારું ગેરકાયદેસર રીતે પોતે ડોક્ટર છે તેવું ગામડાના અભણ દર્દીઓને સમજાવી જાહેરમાં દવાખાનું ખોલી દર્દીઓની સારવાર કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો હતો . ગુજરાત સરકાર માન્ય ડિગ્રી કે સર્ટી વગર મેડીકલ પ્રેક્ટિસ કરી મેડિકલ સામગ્રી દવાઓ વગેરે કાકરપાડા ગામેથી રૂ.૩૩૮૧૫.૩૪/-, ના મુદ્દામાલ તથા મોવી ગામેથી કિં.રૂ.૧૪૯૫૧/- તથા ઉમરાણગામે થી રૂ. ૬,૬૨૯/- ના મુદ્દામાલ સાથે ત્રણને ઝડપી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે .

# સાગબારા તાલુકાના ચીમ્બીપાણી ગામે લગ્ન પ્રસંગમાં ૫૦ થી વધુ માણસો ભેગા કરતા ગુનો નોંધાયો

રાજપીપળા,તા. ૨૨

નર્મદા જિલ્લામાં હાલ લગ્નની મોસમ ચાલી રહી છે જેમાં ૫૦ થી માણસો ભેગા કરવા પર સરકારે પ્રતિબંધ લગાવ્યો હોવા છતાં લગ્નમાં ૫૦થી વધુ માણસો ભેગા કરી કોરોના સંક્રમણ ફેલાવતા લોકો સામે પોલીસે લાલ આંખ કરી છે.આ અંગે સાગબારા પોલીસ મથકે ફરિયાદી પીએસઆઇ કે.એલ ગળચરે આરોપી સેતુભાઇ શિવરામભાઇ વસાવા (રહે,ચીમ્બાપાણી )સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત આરોપી સેતુ ભાઈ પોતાના છોકરાના લગ્ન પ્રસંગમાં રાત્રી દરમિયાન ૫૦ થી વધુ લોકો ભેગા કરી સામાજિક અંતર નહી જાળવી કોરોનાવાયરસ થઈ જાય તેવું બેદરકારી ભર્યું કૃત્ય કરી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ, રાજપીપળા

### સાગબારા અને દેડીયાપાડા માં કોરોના ના કેસો વધતા સાંસદ મનસુખ વસાવાએ બંને તાલુકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ

# જિલ્લા પંચાયતના તથા તાલુકા પંચાયતના સભ્ય તથા પાર્ટીના પ્રમુખ તથા મહા મંત્રીઓ સાથે બેઠક યોજી

## કોરોના મહામારીના સંક્રમણથી લોકોને સાવચેત રાખવા તથા તેનાથી બચવા માટેના ઉપાયો વિશે સંસદે જાણકારી આપી.



રાજપીપળા,તા.૨૨

હાલ નર્મદા ના અને ખાસ કરીને દેડીયાપાડા શાકબારા વિસ્તારમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. ત્યારે સાગબારા અને દેડીયાપાડા માં કોરોના કેસો વધતા સાંસદ મનસુખ વસાવાએ બંને તાલુકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ જિલ્લા પંચાયતના તથા તાલુકા પંચાયતના સભ્ય તથા પાર્ટીના પ્રમુખ તથા મહા મંત્રીઓ સાથે બેઠક યોજી હતી અને કોરોના મહામારી ના સંક્રમણથી લોકોને સાવચેત રાખવા તથા તેનાથી બચવા માટેના ઉપાયો વિશે જાણકારી માર્ગદર્શન આપ્યું હતું.

સાગબારા તાલુકાના સરકીટ હાઉસના પ્રંટાગણમાં તથા બપોરે કલાકે દેડીયાપાડા તાલુકાના વિશ્રામગૃહના હોલમાં બંને તાલુકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ જિલ્લા પંચાયતના તથા તાલુકા પંચાયતના સભ્ય તથા પાર્ટીના પ્રમુખ તથા મહામંત્રીઓ સાથે કોરોના મહામારીના સંક્ર્મણથી પોતાના મત વિસ્તારના લોકોને સાવચેત રાખવા તથા તેનાથી બચવા માટેના ઉપાયો વિશેની જાણકારી આપી લોકોને જાગૃત કરવા બાબતે અગત્યની બેઠક યોજવામાં આવી.જેમાં દરેક જીલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના સભ્ય તથા આગેવાન કાર્યકર્તાઓ તમે તમારી તંદુરસ્તી તથા પોતાનું સ્વાસ્થય સારૂ રહે અને પોતાના શરીરની રોગ-પ્રતિકારક શક્તિ વધે તે માટેના ઉપાયો કરવા અને સરકારના કોવીડ-૧૯ ના તમામ નિયમોનું પાલન કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ દરેક જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના પ્રમુખઓ તથા સભ્યઓ અને કાર્યકર્તાઓએ પોતાના મત વિસ્તારના ગામોની અંદરની પ્રજામાં કોરોના મહામારીના સંક્ર્મણને રોકવા ખાસ કરીને જે લોકોએ કોરોનાની રસી ન લીધી હોય તેવા લોકોને રસી લેવા માટે સમજણ આપવી અને વધુમાં વધુ લોકો ઝડપથી કોરોનાની રસી લે તેવા શક્ય તેટલા વધુ પ્રયત્નો કરવા અને કોરોના સંક્રમિત હોય તેવા પરિવારોને મદદરૂપ બનવાના પ્રયત્નો કરવા અને સરકારના કોવીડ-૧૯ ના ઉપાયો જેવા કે એક બીજાથી અંતર રાખો, વારંવાર સાબુથી હાથ ધોવો, નિયમિતપણે માસ્ક પહેરો, લગ્ન પ્રસંગ તથા દુ:ખદ પ્રસંગમાં કારણ વગર બહાર જવાનુ ટાળો વગેરે નિયમો વિશે માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં મારી સાથે તાલુકા પ્રમુખ રવિદાસ વસાવા, તાલુકા ભાજપ પ્રમુખ મોતીભાઈ વસાવા, સિનિયર આગેવાન રાજુભાઈ વસાવા તથા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ચંદ્રકાન્તભાઈ લુહાર તથા જાનકી આશ્રમના સંચાલક સોનજીભાઈ વસાવા તથા જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ,રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.